બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળાના
ફાજલ શિક્ષકોને રક્ષણ આપવા બાબત

ગુજરાત સરકાર
શિક્ષણ વિભાગ
ઠરાવ ક્રમાંકઃ- બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ
સચિવાલય, ગાંધીનગર.
તા.૮/૭/૨૦૧૩

(૧) શિક્ષણ અને મજૂર વિભાગનો તા.૩/૭/૬૯ નો ઠરાવ ક્રમાંક-એસએસએન-૩૪૬૮-૪૦૪૧૯-ગ
(૨) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક – બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૨૨/૧૧/૧૦
(૩) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક – બમશ-૧૦૧૧-૧૫૬૭-ગ, તા.૨૫/૨/૧૧
(૪) શિક્ષણ વિભાગનો તા.૧૯/૯/૧૧ નો પત્ર ક્રમાંક – બમશ-૧૩૨૦૧૧-૫૯૯૮૭૧૭-ગ
(૫) શિક્ષણ વિભાગનો સુધારા ઠરાવ ક્રમાંક – બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૪/૫/૨૦૧૨
(૬) શિક્ષણ વિભાગનો ઠરાવ ક્રમાંક – બમશ-૧૩૧૦-૧૨૦૧-ગ, તા.૩૦/૫/૧૨

ઠરાવ :-

ગુજરાત શૈક્ષણિક કાયદા સુધારા અધિનિયમ, ૨૦૧૦ અંતર્ગત ધો.૮ નો સમાવેશ માધ્યમિક શાળામાંથી ઉચ્ચતર પ્રાથમિક શાળામાં કરવામાં આવેલ હોવાના કારણે બિન સરકારી અનુદાનિત માધ્યમિક શાળામાં વર્ગ ઘટાડો થતાં ફાજલ થયેલ શિક્ષકો/શાળા શિક્ષણ સહાયકોને રક્ષણ આપવા બાબતે ઉપર વંચાણે લેવામાં આવેલ ઠરાવ/સુધારા ઠરાવથી વખતો વખત સૂચનાઓ બહાર પાડવામાં આવેલ છે અને તે મુજબ ફાજલ શિક્ષકોનો સમાવેશ કરવામાં આવેલ છે. છતાં હજી પણ શારીરિક શિક્ષણ, ચિત્ર શિક્ષણ, ટર્નર ફીટર તથા અન્ય ટેકનિકલ મહેકમ, કૃષિ વિષયના શિક્ષક અન્ય લાયકાતવાળા શિક્ષક વગેરેનો સમાવેશ કરી શકાયો નથી. પરિણામે તેઓની પાસેથી કામ લીધા વિના પગાર ભથ્થાં ચૂકવવામાં આવે છે. આથી આવા બાકી રહેલા ફાજલ શિક્ષકોને રાજ્ય સરકારની શિક્ષણ વિભાગ હેઠળની કમિશ્નર, શાળાઓની કચેરી હસ્તકની વર્ગ-૩ ના સંવર્ગની તેમના પગાર ધોરણને સમાન પગાર ,ધોરણવાળી ખાલી જગ્યા પર તેઓના વિષયને લગતી

શૈક્ષણિક કામગીરીવાળી જગ્યા ઉપલબ્ધ થયેથી તે જગ્યા પર પુનઃનિયુક્તિ આપવામા આવે ત્યાં સુધી નીચેની શરતોથી મૂકવાનું આથી ઠરાવવામાં આવે છે.

(૧) જે તે ફાજલ શિક્ષકને તેમના જિલ્લામાં ઉપલબ્ધ શિક્ષણ વિભાગ હેઠળની ખાલી જગ્યાએ મૂકવાના રહેશે. એટલે કે જે જગ્યા મંજૂર થયેલ હોય અને ખાલી હોય તેવી જ જગ્યાની સામે મૂકવાના રહેશે અને તે જ જગ્યા ઉપર તેમના પગાર ભથ્થા આકારવાના રહેશે.

(૨) આવા ફાજલ શિક્ષકોને સમાવી શકાય તેવી શૈક્ષણિક જગ્યા ઉપલબ્ધ હોય ત્યાં સુધી તેમને આવી શૈક્ષણિક જગ્યાએ જ adjust કરવાના રહેશે. અર્થાત શૈક્ષણિક જગ્યા ઉપલબ્ધ ન હોય તો જ તેમને વહીવટી જગ્યા સામે મૂકવાના રહેશે. જેમાં જિલ્લાની કચેરીની કે સરકારી શાળાઓમાં આવેલ કારકુન સંવર્ગની જગ્યાઓ ખાલી હોય તો તેને સમાન પગાર ધોરણવાળી જગ્યા પર મૂકવાના રહેશે.

(3) ફાજલ શિક્ષકો શિક્ષણ સહાયકોની આવી નિયુક્તિથી જે તે જગ્યા પર તેમનો કોઇ ધારણાધિકાર ઉભો થશે નહિ. આ જયાં સુધી શૈક્ષણિક જગ્યા ઉપલબ્ધ ન થાય ત્યાં સુધીના સમય માટે ફક્ત કામચલાઉ વ્યવસ્થા તરીકેની નિયુક્તિ ગણાશે.

(૪) જે જગ્યા પર નિયુક્તિ કરવામાં આવે તે જગ્યાની કામગીરી તેઓએ બજાવવાની રહેશે.

(૫) જે અધિકારીના નિયંત્રણ નીચે તેમની સેવાઓ મૂકવામાં આવે તે અધિકારી જે કામગીરી સોંપે તે કામગીરી તેમણે બજાવવાની રહેશે.

(૬) જો કોઇ ફાજલ શિક્ષક જિલ્લા બહાર પોતાની પસંદગીના સ્થળે નિયુક્તિ મેળવવા ઈચ્છા દર્શાવે તો લેખિતમાં તેમની રજૂઆત મેળવી જિલ્લાની ઉપલબ્ધ જગ્યાઓને ધ્યાનમાં લઇને તેમને નિયુક્તિ આપી શકાશે, પરંતુ ફાજલ શિક્ષકને સમાવવા માટે જગ્યા ઉપલબ્ધ થાય ત્યારે તે જિલ્લાની જગ્યા ઉપર તે હક્ક દાવો કરી શકશે નહિ.

(૭) જો શિક્ષકોને તેમના હાલના પગાર ધોરણ કરતાં નીચેના પગાર ધોરણવાળી જગ્યાએ નિયુક્તિ આપવામાં આવે તેમનો મુળ પગાર પ્રોટેક્ટ કરવાનો રહેશે.

(૮) તેમને જે કચેરીમાં ફાળવવામાં આવ્યા હોય તે કચેરીના વડાએ અથવા જેમના સીધા નિયંત્રણ નીચે તેમની સેવાઓ મૂકવામાં આવી હોય તેવા રાજ્યપત્રિત વર્ગ-૨ ના દરજ્જાથી નીચેના નહિ તેવા અધિકારીએ તેઓના ખાનગી અહેવાલ લખવાના રહેશે.

(૯) આવા ફાજલ શિક્ષકોની વિગતવાર ફાળવણી અંગેના હુકમો કમિશ્નર, શાળાઓએ કરવાના રહેશે.

(૧૦) આવી નિયુક્તિથી તેઓની સેવાની શરતો બદલાશે નહિ. તેમની મૂળ નિમણૂંકવાળી જગ્યાની સેવાની શરતો યથાવત રહેશે અને તેમને સંબંધિત શૈક્ષણિક કામગીરીવાળી

જગ્યા તેમના મૂળ જિલ્લામાં ઉપલબ્ધ થાય કે તરત જ તે જગ્યાએ તેઓને નિયુક્તિ આપવાની રહેશે.

આ ઠરાવ વિભાગની સમાન ક્રમાંકની ફાઇલ ઉપર નાણા વિભાગની તા.૨૧/૬/૧૩ ની નોંધથી મળેલ અનુમતિ અન્વયે બહાર પાડવામાં આવે છે.

ગુજરાતના રાજ્યપાલશ્રીના હુકમથી અને તેમના નામે,

(એન.ડી.હળપતિ)
ઉપસચિવ
શિક્ષણ વિભાગ

પ્રતિ,

- માન.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- માન.રા.ક.મંત્રીશ્રી (શિક્ષણ) ના અંગત સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્ર સચિવશ્રી, નાણા વિભાગ, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (શિક્ષણ)ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- અગ્રસચિવશ્રી (પ્રાથમિક શિક્ષણ) ના રહસ્ય સચિવશ્રી, સચિવાલય, ગાંધીનગર
- એ.જી. અમદાવાદ/રાજકોટ
- કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણ, ગુજરાત રાજ્ય, ગાંધીનગર
- નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી.,સેકટર-૧૨, ગાંધીનગર.
- સર્વે જિલ્લા શિક્ષણાધિકારીશ્રીઓ (કમિશ્નરશ્રી, શાળાઓની કચેરી મારફત)
- સર્વે જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રીઓ (નિયામકશ્રી, પ્રાથમિક શિક્ષણની કચેરી મારફત)
- સર્વે જિલ્લા શિક્ષણ અને તાલિમ ભવન,( નિયામકશ્રી જી.સી.ઇ.આર.ટી., ગાંધીનગર મારફત.)
- પગાર અને હિંસાબી અધિકારી, અમદાવાદ/ગાંધીનગર
- તમામ જિલ્લા તિજોરી અધિકારીશ્રીઓ
- વિભાગના સર્વે અધિકારીશ્રીઓ, સર્વે શાખાઓ
- સીલેકટ ફાઇલ